# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "કાર્પ મત્સ્ય બીજનો ઉછેર" પરત્વે ઓનલાઇન તાલીમ યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તા. ૨૩-૨૪/૦૬/૨૦૨૦ના રોજ "કાર્પ મત્સ્ય બીજ ઉછેર" વિષય પર ઓનલાઇન તાલીમ યોજવામાં આવેલ. જેમાં કુલ ૨૫ જેટલા મત્સ્યખેડુતો, યુવાનો, ઉદ્યોગ સાહસિકારો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કચેરીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડૉ. જી. જી. પટેલ સાહેબ દ્વારા શાબ્દિક સ્વાગત કરી પ્રવર્તમાન પરિસ્થિતિમાં તાલીમની જરૂરિયાત અને ઉદ્દેશો વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) દ્વારા તાલીમાર્થીઓને તાલીમની રૂપરેખા સમજાવેલ. તાલીમના બે દિવસ દરમ્યાન તાલીમાર્થીઓને કાર્પ મત્સ્યબીજની ઓળખ, મત્સ્યબીજના ઉછેરની તકનીકો, મત્સ્યઉછેર માટે જમીન અને પાણીની ગુણવત્તાનું વ્યવસ્થાપન, મત્સ્ય ખોરાકનું વ્યવસ્થાપન, રોગોનું વ્યવસ્થાપન, માછલીના બિયારણનું પેકિંગ, પરિવહન અને કાર્પ મત્સ્યબીજ ઉછેરનું અર્થશાસ્ત્ર જેવા વિષયોને આવરી લેવાયા હતા. આ તાલીમ કાર્યક્રમમાં વક્તા તરીકે ડો. સી. કે. મિશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, ભા.કૃ.અનુ.પ.– સીફા, ડો. એ. કે. ચૌધરી, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, ભા.કૃ.અનુ.પ.– સીફા અને શ્રી. જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ), કે.વિ.કે., દેવાતજ દ્વારા ઓનલાઇન માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. અંતમાં શ્રી જે. એચ. ભટ્ટ દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી તાલીમની પૂર્ણાહુતી કરવામાં આવી.



